**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૮/૦૩/૨૦૧૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૪૭/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૨૪૨ લીટર દેશી દારૂ, ૧૦૮ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૩૨ બિયરટીન, ૦૩ એક્ટીવા અને ૦૨ કાર કબજે કરી હતી.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૪૮/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૪૯/૧૫</u>**

**મણીનગર :** જયશ્રીબેન હસમુખભાઇ ભાવસાર (રહે.શીવાની ફ્લેટ, આઇ.બી.પેટ્રોલપંપનાં ખાંચામાં, રામબાગ, મણીનગર) એ તા.૧૭/૩/૧૫ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૩/૩/૧૫ સાંજનાં ૬/૩૦ વાગ્યાના સુમારે મણીનગર વલ્લભવાડી ઇન્ડસઇન્ડ બેંક સામે રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાનો) જયશ્રીબેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જી.ચૌધરી ચલાવે છે.

**કાગડાપીઠ :** દેવજીભાઇ બધાભાઇ મકવાણા (રહે.ફકીર મુખીની ચાલી, ગૌતમનગર ચાર રસ્તા, બહેરામપુરા) એ તા.૧૭/૩/૧૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨૨/૨/૧૫ સાંજનાં ૫/૩૦ વાગ્યાના સુમારે કાંકરીયા ફુટબોલ ગ્રાઉન્ડ ચાર રસ્તા પાસે મોટર સાયકલ ઉપર પોતાની પત્નીને બેસાડી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ દેવજીભાઇની પત્નીનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયા હતા.આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એલ.રોહીત ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૫૦/૧૫</u>**

**માધવપુરા :** બીનાબહેન મહેન્દ્રભાઇ આસુદાની (ઉ.વ.૪૩)(રહે.ઉર્વશી બંગ્લોઝ, ઇન્દીરાબ્રીજ પાસે, હાંસોલ રોડ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૭/૩/૧૫ બપોરનાં ૧૨/૧૫ થી ૧૨/૨૦ વાગ્યા દરમ્યાન કાલુપુર શાકમાર્કેટમાં બીનાબહેન શાકભાજી ખરીદતા હતા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ બીનાબહેનની નજર ચુકવી, તેમનાં પર્સની ચેઇન ખોલી, પર્સમાં મુકેલ રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.નીનામા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.